કપડવંજના મહે.એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ

**ક્રિ.કેસ.નં.222/2026**
**આંક–**

ફરીયાદી– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી– મહેબુબમીયાં અકબરમીયા શેખ,ઉ.વ.પુખ્ત,
રહે.કસ્બા,સૈયદવાડા,મુ.તા.કપડવંજ,જિ.ખેડા

**ગુનો–જુગારધારા કલમ–૧૨– અ મુજબ**

**–ઠરાવ–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તારીખ– **૨૨/૧૧/૨૦૨૫ ના કલાક ૧૨/૪૦** વાગેના સુમારે બનાવ સમયે અને સ્થળે જાહેરમાં પોતાના અંગત ફાયદા સારુ વરલીમટકાનો જુગાર રમી જુગારના સાધનો સાથે અંગઝડતીના મળી કુલ્લે રુ. **૨૨૦/–** ના મુદામાલ સાથે મળી આવી પકડાઈ જઈ ચાર્જશીટ હકીકત મુજબ **જુગારધારા કલમ–૧૨–અ** મુજબનો ગુનો કરેલ હોય તપાસના અંતે તપાસ કરનાર અમલદારે હાલના કામનું આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરેલ છે.

(૨) આજરોજ લોકઅદાલતમાં સદર કામના આરોપી કોર્ટ રુબરુ વકીલશ્રી મારફતે હાજર થતા તેઓને ગુના અંગે પૃચ્છા કરતા તેઓ ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવે છે જેથી હાલના આરોપીનું કોર્ટ રુબરુ નિવેદન નોંધવામાં આવતા તેઓએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. જયારે આ કામે આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી દયાની વિનંતી કરી જણાવેલ છે કે, તેઓ બાલબચ્ચાવાળા અને પરીવારના જવાબદાર ઈસમ છે અને અમો ગુનો કબુલ કરતા હોય દયા રાખવા અરજ કરેલ છે. આ કામે આરોપીએ નો–કલેઈમ પુરસીસ આપી જણાવેલ છે કે,સદર કામે મુદામાલ સંબંધી કોઈપણ જાતનો કલેઈમ કરવા માગતા નથી.

(૩) ઉપરોકત હકીકતો ધ્યાને લેતા હાલના કામના આરોપી પોતાનો ગુનો સ્વૈચ્છિક અને કોઈપણ જાતના દબાણ સિવાય કબુલ રાખતા હોય અને તેઓની સામેના ગુનાનો અહેસાસ કરેલ હોય આરોપીની ઉમંર સંજોગો ધ્યાને લેવામાં આવે તો આરોપીને સુધરવાની તક મળે તે હેતુથી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરીહુકમ ફરવામાં આવે છે.

ક્રિ.કેસ.નં.222/2026

– હુકમ –

આરોપીને બી.એન.એન.એસ.ની કલમ–**૨૭૫**–અન્વયે જુગારધારા **કલમ–૧૨–અ** મુજબના ગુના અન્વયે તકસીરવાન ઠરાવી, **આરોપીને રુ.૧૦૦/– (અંકે રુ.સો પુરા)**નો દંડ તેમજ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીએ કુલ દંડની રકમ **રુ.૧૦૦/–(અંકે રુ.સો પુરા)**ભરવાની રહેશે. જો કોઈ આરોપી દંડની રકમ ભરવાની કસુર કરે તો દિન–૦૪–ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ નાણાંની જે રકમ હોય તે સરકાર ખાતે જમા કરાવવી અન્ય મુદામાલનો નિયમ મુજબ નિકાલ કરવો.

હુકમ આજરોજ તા.૧૪ માર્ચ સને.૨૦૨૬ નારોજ લોકઅદાલતમાં વાંચી સહી કરી જાહેર કર્યો.

કપડવંજ<br>
તા.૧૪/૦૩/૨૦૨૬

(**ટી.વી.જાદવ**)<br>
એડીશનલ ચીફ જયુ.મેજીસ્ટ્રેટ<br>
કપડવંજ,કોડ નં.જીજે૦૦૬૦૨